જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૪/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૩૯/૨૦૨૩

**વાડજઃ** ભરતભાઇ વિરમજીભાઇ પટણી (રહે. હંસ એપાટેમેન્ટ ગાયત્રી મંદિર સામે જુના વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૩ સવારના ૧૧/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટનો દરવાજો તોડી ડ્રોઅરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૦૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૬૪૦/૨૦૨૩

**ચાંદખેડાઃ** (૧) અલ્પેશ હિરાલાલ બોરસે (ઉ.વ.૪૨) (રહે. ભાગ્યલક્ષ્મી સોસાયટી આઇ.ટી.આઇ. પાછળ રીફાયનરી રોડ ગોરવા વડોદરા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૪/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડીયમ પીલર નંબર-૨૫૧ સામે પાણીના કાઉન્ટર આગળ અજાણી વ્યક્તિએ અલ્પેશ બોરસેની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**ચાંદખેડાઃ** (૨) ભાવેશભાઇ ભગવાનદાસ પટેલ (રહે. અક્ષરધામ એપાર્ટમેન્ટ નિર્ણયનગર રોડ રાણીપ) એ તા.૧૭/૦૪/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૪/૨૦૨૩ રાતના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વિસત ગાંધીનગર હાઈ-વે પ્રફુલ સ્વીટ સામે પાર્ક કરેલ ગાડીનો કાચ તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં એપલ કંપનીના ઇઅર પોડ્સ કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, ૫૦૦ ડોલર અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૪૧/૨૦૨૩**

**"કે' ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** જવાનમલ કેશવલાલ રાવલ (ઉ.વ.૬૯) (રહે. નક્ષત્ર હાઈટસ અસલાલી હાઈ-વે નારોલ) તા.૧૭/૦૪/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે અસલાલી થી નારોલ રોડ પૃથ્વી મોટર્સ તથા મહાકાલી ઢાબા સામેથી ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૦૧ ડીઝેડ ૩૯૪૪ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી જવાનમલ રાવલને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર જવાનમલ રાવલના પુત્ર ભરતભાઈ રાવલે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૪૨/૨૦૨૩**

**સરદારનગરઃ** સુરજકુમાર સ/ઓ વિજયકુમાર બિંદ (ઉ.વ.૧૭) (રહે.જોબવર્ક ઇન ગારમેન્ટ ૪૭૨૧/એફ એફ.આર.કે ફ્લેટ સામે સિંધી ધર્મશાળા પાસે કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શ્રી કુબેરનગર ડી વોર્ડ લીલા ડેકોરેશન પાસે "બાલાજી જોબવર્ક" ખાતે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગૌતમભાઇ કચરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી